

ગણેશોત્સવ - સેક્ટર-૨/સી ખાતે ગણેશોત્સવ ધામધૂમથી ઉજવાય છે... શુક્રવારે રાત્રે બાળકોના નૃત્યના કાર્યક્રમે જમાવટ કરી હતી... નૃત્યો માણવા માટે વસાહતીઓ મોટી સંખ્યામાં ઉમટ્યા હતા...

# અંબાજીમાં ભાદરવી પૂનમનો મેળો આરંભાયો

## મેળામાં આ વખતે ૨૫થી ૩૦ લાખ જેટલા શ્રદ્ધાળુઓ પહોંચે તેવી શક્યતા

અમદાવાદ, તા.૧૦

અભૂતપૂર્વ શ્રદ્ધા વચ્ચે ભાદરવી પૂનમ મેળાની આજે શરૂઆત થઈ હતી. શક્તિપીઠ અંબાજી ખાતે ભાદરવી પૂનમ મેળા દરમ્યાન એક અંદાજ મુજબ સાત દિવસના ગાળા દરમ્યાન ૩૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓ દર્શન માટે પહોંચી શકે છે. સાત દિવસ સુધી આ મેળો ચાલનાર છે. ગયા વર્ષે પાટીદાર આંદોલનના પરિણામ સ્વરૂપે તેની અસર મેળા ઉપર પણ થઈ હતી અને ઓછી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચ્યા હતા પંરતુ આ વખતે જોરદાર ઉત્સાહ અને શ્રદ્ધાનો માહોલ થયેલો છે. ગુજરાતમાં સુપ્રસિદ્ધ અંબાજીના ભારદવી પુનમના મેળાની શરૂઆત થઈ છે. લાખો પદયાત્રીઓ આ મેળામાં પહોંચી રહ્યા છે. જેથી વહીવટીતંત્ર સંપૂર્ણપણે સજ્જ છે. મંદિરના દર્શનના સમયમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. આજે મેળાના પ્રારંભ સાથે સાણંદના સંઘે ધજા ચડાવી હતી. અંબાજીમાં મા અંબેના નામ આજે ગુંજી ઉઠ્યા હતા. સાણંદના સંઘ દ્વારા ૩૨ ગજની ધજા ચડાવવામાં આવી હતી. અંબાજી તરફના માર્ગો હાલમાં હાઉસફુલ દેખાઈ રહ્યા છે. ભાદરવી પૂનમના મેળા દરમિયાન દર્શનના સમય પણ નક્કી કરી લેવામાં આવ્યા છે. આ વખતે વોટ્સઅપમાં પણ હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. ૧૫ કલાક સુધી મંદિરને ખુલ્લુ રાખવાનું આયોજન કરાયું છે. આ ઉપરાંત યાત્રાળુઓ માટે વોટસ એપમાં હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. જેમાં કોઈ યાત્રાળુને કોઈ પણ પ્રકારની સમસ્યા હોય તો તે વોટસએપ કરશે તો તેનું તેના દ્વારા જ નિરાકરણ લાવવામાં આવશે. આ વોટ્સએપ અંબાજીના સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસના હસ્તગત રહેશે. ભાદરવી પુનમના મેળા દરિયામન ૧૫ કલાક મંદિર ખુલ્લુ રહેશે. સલામતીમાં કોઈ કચાશ રહે નહી તેના માટે ભાદરવી પુનમના મેળામાં ૫ હજારથી વધુ જવાનો તૈનાત રહેશે. આ ઉપરાંત ૧૦૦ જેટલા સીસીટીવી કેમેરાથી ચાંપતી નજર રાખવામાં આવશે. દરમિયાન વિવિધ પગપાળા સંઘોનું શુક્રવારે મોડી રાતથી અંબાજીના આગમન શરૂ થઈ ગયું હતું. ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામ શક્તિપીઠ અંબાજી ખાતે ૧૦ સપ્ટેમ્બર શનિવારથી ભાદરવી પુનમના મેળાની શરૂઆત થઈ હતી.



# ગુજરાતમાં ઠેર ઠેર દારૂના અડ્ડા અને ઠેકા ધમધમે છે

## દારૂબંધીનો ચુસ્ત અમલ કરવા કોંગ્રેસની માંગણી : ગંભીર પગલાં ભરવાના બદલે ભાજપ શાસકો લાજવાના બદલે ગાજી રહ્યા છે : ભરતસિંહ સોલંકી

અમદાવાદ, તા.૧૦

૨૦ વર્ષના ભાજપ શાસનમાં ગાંધી સરદારના ગુજરાતમાં ઠેર ઠેર દારૂના અડ્ડાઓ અને ઠેકાઓ ધમધમી રહ્યા છે. સુરત ખાતે કડોદરાના વલેરી ગામે ઝેરી દારૂ લઠ્ઠાને કારણે ૧૮થી વધુ વ્યક્તિઓએ જાન ગુમાવ્યા છે. ત્યારે દારૂબંધીનો ચુસ્ત અમલ કરવા અને ગેરકાયદેસર દારૂના અડ્ડાઓ બંધ કરવાની કડક કાર્યવાહી માટે ગંભીર પગલાં ભરવાને બદલે ભાજપ શાસકો લાજવાને બદલે ગાજી રહ્યા છે. તેવો આક્ષેપ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, ગામથી લઈને ગાંધીનગર અને શહેરથી લઈને સચિવાલય સુધી ભાજપ શાસકોના હપ્તારાજ રાજકીય આશ્રયને કારણે ઠેર ઠેર દારૂ જુગારના અડ્ડાઓ ધમધમી રહ્યા છે. ભાજપ શાસનમાં બુટલેગરો બેફામ છે. ક્રાઈમ બ્રાન્ચને ફરજ પરના કોન્સ્ટેબલની હત્યા કરીને ગુનેગારો ફરાર થઈ જવા, જેલમાંથી ગુનેગારોનું છુમંતર થવું, શામળાજી ખાતે દારૂની ખેપ મારતાં બુટલેગરોએ જીપ ચડાવીને પીએસઆઈની હત્યા કરી નાંખી, મહેસાણા ખાતે બુટલેગરો દ્વારા મહિલા પીએસઆઈ ઉપર જાન લેવા હુમલો, વડોદરા ખાતે પોલીસ પર હુમલો, નર્મદાના રાજપીપળા ખાતે પોલીસ પર હુમલો જેવી અનેક ઘટનાઓ સામાન્ય બનતી જાય છે. પોલીસ તંત્રની રક્ષક તરીકે જાનમાલના રક્ષણને બદલે ખુદનું રક્ષણ કરવું પણ મુશ્કેલ બની ગયું છે તે હદે બુટલેગરો છાકટા બની ગયા છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતશાહના ઈશારે કઠપૂતળી બનેલ મુખ્યમંત્રી વિજય રૂપાણી ભાજપ સરકાર શું કામ કરી રહી છે. તે ગુજરાતમાં ઠેર ઠેર દારૂ જુગારના ચાલતાં અડ્ડાઓ અને કાયદો વ્યવસ્થાની કથળેલી સ્થિતિ પરથી ગુજરાતના નાગરિકો સમજી શકે છે. ખુન લૂંટ ધાડ-હત્યા સહિતના ગંભીર ગુનાઓમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. મહિલાઓ પરના અત્યાચારોમાં અનેકગણો વધારો થયો છે. દલિત, આદિવાસી, પરના

# સુરત લઠ્ઠાકાંડમાં ૧૮થી વધુના મોત

## સુરત પોલીસ અને આરોગ્ય તંત્ર દોડતું થયું : તમામના મોત લઠ્ઠાકાંડમાં થયા છે કેમ તેમાં ઉંડી તપાસ શરૂ : જુદી જુદી ટીમો દ્વારા હાથ ધરાયેલી આકરી તપાસ

સુરત, તા.૧૦

સુરત જિલ્લાના કડોદરા નજીક વલેરી ગામમાં ઝેરી લઠ્ઠાકાંડના કારણે ૧૮થી વધુ લોકોના મોત થતા ખળભળાટ મચી ગયો છે. જોકે તમામના મોત લઠ્ઠાકાંડના કારણે થયા છે કે કેમ તેને લઈને હજુ તપાસ ચાલી રહી છે પરંતુ લઠ્ઠાકાંડના પગલે સુરત જિલ્લા પોલીસ અને આરોગ્ય તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. ત્રણ ચાર દિવસના ગાળામાં જ લઠ્ઠાકાંડથી મોટી સંખ્યામાં લોકોના મોત થયા છે. બીજી બાજુ તપાસ હાથ ધરવામાં આવી ચુકી છે. જુદી જુદી તપાસ ટીમો પણ બનાવવામાં આવી છે. પોલીસે આ મામલે તપાસના ચક્રો ગતિમાન કરી આરોપીઓને ઝબ્બે કરવા માટે કરમ કસી છે. શંકાસ્પદ લઠ્ઠાકાંડને લઈ તપાસમાં શંકાસ્પદ મીથેનોલ પોઈઝનને કારણે મોત થયાનું પ્રાથમિક તારણ આવ્યું છે. ઉપરાંત ૧૮થી વધુ લોકો પૈકી ૨ નેચરલ મોત થયા છે, કુલ ૧૩ શંકાસ્પદ મોત થયા હોવાનું તારણ આવ્યું છે. મૃતકમાંથી કોઈને શરૂઆતમાં આંખે દેખાવાનું બંધ થઈ ગયું હતું. તો કોઈ મૃતકને ઝાડા ઉલટીઓ શરૂ થઈ ગયા હતાં. તો અમુક દારૂ પીને સુઈ ગયા બાદ ઊંઘમાં જ મોતને ભેટ્યા હતા. તો બીજી તરફ અમુક દર્દીઓ બેભાન થઈ ગયા બાદ સારવાર દરિયાન મોતને ભેટ્યા હતા. તો બે દર્દીઓએ માથામાં દુઃખાવાની તાવની અને ચક્કરની ફરિયાદ કર્યા બાદ મોતને ભેટ્યા હતા. સુત્રોના જણાવ્યા અનુસાર સુરતના કડોરાના વલેરી ગામમાં છેલ્લા ત્રણ દિવસમાં ઝેરીલો દારૂ પીવાથી ૧૮ લોકો મોતને ભેટ્યા છે. સુરતના કલેકટર મહેન્દ્ર પટેલે મામલાની તપાસ કરવા માટે અધિકારીઓને ગામમાં જવા આદેશ આપ્યો છે. ઝેરીલો દારૂ પીવાની શંકા અંગે કલેકટરનું કહેવું છે કે, મેડિકલ રિપોર્ટથી તો એવું જ લાગી રહ્યું છે કે મિથાઈલ આલ્કોહોલ જેવી કોઈ ઝેરીલી વસ્તુએ લોકોના જીવ લીધા છે. એટલા માટે આ ઘટનાને લઠ્ઠાકાંડ કહી શકાય.

## તપાસ સમિતિની રચના

અમદાવાદ, તા.૧૦

ગૃહ રાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ સુરત જિલ્લામાં તા.૪ સપ્ટેમ્બરથી તા. ૧૦મી સપ્ટેમ્બર સુધીમાં ૧૫ જેટલી વ્યક્તિઓના થયેલા અકુદરતી મૃત્યુના સમગ્ર બનાવની તપાસ કરીને રાજય સરકારને ત્રણ દિવસમાં અહેવાલ આપવા માટે એક ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિ રચવાની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ ઘટનાક્રમની જાણ થતાં જ ગૃહ રાજય મંત્રીને તલસ્પર્શી તપાસ માટે સુચન કરતાં રાજયના ત્રણ વરિષ્ઠ અધિકારીઓની આ સમિતિની રચના કરવામાં આવી છે. ગૃહ રાજયમંત્રીએ જણાવ્યું કે, આ સમિતિના અધ્યક્ષ તરીકે કાયદો અને વ્યવસ્થાના અધિક પોલીસ મહાનિદેશક વીએમપારગી તેમજ સભ્ય તરીકે નશાબંધી અને આબકારી નિયામક બીકે કુમાર તથા ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના નાયબ નિયામક ડૉ. એમએસ દહીયાનો આ સમિતિમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રદીપસિંહજી જાડેજાએ કહ્યું કે, જે અકુદરતી મૃત્યુ થયાં છે તે વ્યક્તિઓના લોહી અને વીશેરા તપાસ માટે સુરતની રીજીઓનલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. તેમણે એમ પણ જણાવ્યું કે, મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જે વધુ વ્યક્તિઓ અસરગ્રસ્ત છે અને સારવાર લઈ રહ્યા છે તેમની ખાનગી કે સરકારી હોસ્પિટલની સારવારનો તમામ ખર્ચ રાજય સરકાર આપશે. તેવો નિર્ણય પણ કર્યો છે.



રામદેવ પીરના નેજા - શહેરમાં શનિવારે રામદેવ પીરના નેજા ચડાવવાના કાર્યક્રમો ઠેર ઠેર યોજાયા હતા... રણુજાના રાજા રામદેવ પીરનું ભાવપૂર્ણ પૂજન-અર્ચન કરી રામદેવ પીરના નેજા સાથે શોભાયાત્રા નીકળી હતી... જેમાં ભાવિકો મોટી સંખ્યામાં જોડાયા હતા....

# તલોદના રામદેવપીરના મંદિરોમાં નોમના નેજા ફરક્યા

તલોદ, તા. ૧૦

ભગવાન રામદેવપીરની ભક્તિ અને પૂજા અર્ચના માટેનું અતિ મહત્વનું પર્વ નવરાત્રી હાલ તલોદમાં ધામધૂમથી ઉજવાઈ રહી છે. ભાદરવાસુદ એકમથી પૂનમ સુધી ભક્તો ભગવાનની આરાધના-ઉપવાસનામાં મગ્ન બન્યા છે. તલોદના મંદિરોમાં ભગવાનના પાટોત્સવ, ભજન-કિર્તન, હોમ હવન સહિત અનેક વિવિધ ધાર્મિક પ્રસંગો યોજાઈ રહ્યા છે. જેમાં શનિવારના રોજ મંદિરોમાં વહેલી સવારથી વાજતેગાજતે અબિલ-ગુલાલની છોળો ઉડાડી શોભાયાત્રા સ્વરૂપે નગરચર્યા કરી નોમના નેજા જય બાબારીના જયઘોષ સાથે ફરકાવવામાં આવ્યા હતા.

રામદેવપીરનો મહિમા અવર્ણિનીય છે. ભગવાનના ભક્તો દ્વારા બાબાની અસિમ કૃપા બની રહે તે માટે તપ આરાધના, ઉપાસના આકરા સ્વરૂપે કરવામાં આવી રહી છે. તલોદમાં ભગવાન રામદેવપીરના અનેક ઠેકાણે મંદિરો આવેલા છે. આ મંદિરોમાં નવરાત્રી દરમ્યાન જ્ઞાત-જાતના ભેદભાવ ભુલી દરેક સમુદાયના લોકો દર્શનાર્થે ઉમટી રહ્યા છે. ભગવાનના વિવિધ પરચાઓથી પરમ સુખ પામેલા લોકો આ પર્વ દરમિયાન નકોરડા ઉપવાસ રાખે છે. આ નવરાત્રી દરમ્યાન શ્રદ્ધાળુઓ ભગવાનના અતિ પવિત્ર અને આસ્થા સમાન રાજસ્થાન સ્થિત રણુજા મુકામે પગપાળા કે વાહનો લઈ દર્શને અવશ્ય જાય છે.

નોમના દિવસે રામદેવપીરને નવા નેજા ચડાવવાની પરંપરાને અનુસરી મોટી સંખ્યામાં ધર્મજનો ઉમટી ભગવાનની શોભાયાત્રા કાઢે છે. જેમાં ભક્તી સંગે નાચગાન અબીલ-ગુલાલ અને આતશબાજી કરી વાજતે ગાજતે મંદિરે પહોંચી ભગવાનના જયઘોષ સાથે નેજા ચઢાવવામાં આવે છે. દસમના દિવસે ભક્તો દ્વારા ચુરમાનો મહાપ્રસાદ બનાવાય છે અને સૌ કોઈને અપાય છે. જ્યારે પૂનમના દિવસે નવરાત્રીનું પૂર્ણાહુતી પ્રસંગે ભારે ધામધૂમપૂર્વક કરી ક્ષમાયાચના કરી પાપ મુક્ત બની ધન્યતા અનુભવાય છે.



## અસ્મિતાની અભિવ્યક્તિ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રશ્નોને વાંચા આપતું અને સામાજિક સરોકારનું સાહિત્ય છે. તેમણે ગુજરાતી સાહિત્યને વધુ સમૃદ્ધ બનાવ્યું છે. ભારતીય સાહિત્યકારમાં ભારતીયતાનો અનુભવ ન થાય તો કંઈક ખૂંચતું હોવાનો અહેસાસ વાંચકને થાય છે, પરંતુ રઘુવીર ચૌધરીના સાહિત્યમાં ભારતીય અસ્મિતાની અભિવ્યક્તિ સરળતાથી જોવા મળી જાય છે.

આ તબક્કે ડૉ. રઘુવીર ચૌધરીએ પોતાની આગવી શૈલીમાં પ્રવચન આપતા જણાવ્યું હતું કે, આજના સમયમાં મોટા ભાગના વાલીઓને પોતાના બાળકોને માતૃભાષામાં ભણાવવું ગમતું નથી, પણ હું જો ગુજરાતી ભાષામાં ન ભણ્યો હોત, તો હું સાહિત્યકાર ન બની શક્યો હોત. જ્ઞાનપીઠ એવોર્ડ મારા સહિત ચાર ગુજરાતી સાહિત્યકારોને નહિ, પણ ગુજરાતી ભાષાને ચાર વખત આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે. તેમણે દેશમાંથી આળસ અને અસ્પૃશ્તાનો ભાવ મનમાંથી દૂર નહિ થાય ત્યાં સુધી સાચા માર્ગ સુધી આપણે નહિ જઈ શકીએ તેવું પણ ભારપૂર્વક જણાવ્યું હતું.

શિક્ષણ અને સાહિત્યમાંથી નીકળેલ નિચોડ સમાજને ડૉ. રઘુવીરભાઈ ચૌધરીએ આપ્યો છે, તેમ જણાવતા ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહાએ ડાઉન ટુ અર્થ એવા ડૉ. રઘુવીર ચૌધરીના વ્યક્તિની ઉમદા પરિચય આપ્યો હતો. વિશ્વના સાહિત્ય ઈતિહાસની એક વિરલ ઘટના છે કે, આંજણા સમાજના ગુજરાતી સાહિત્યકાર શ્રી પન્નાલાલ પટેલ અને ડૉ. રઘુવીર ચૌધરીને જ્ઞાનપીઠ એવોર્ડ મળ્યો છે. ગુજરાતમાં શિક્ષણ અને ગુજરાતી ભાષા માટે તેઓએ સમગ્ર જીવન સમર્પિત કર્યું છે.

રાષ્ટ્રીય કક્ષાએ ડૉ. રઘુવીર ચૌધરીની સાથે સાથે ગુજરાતી ભાષાનું પણ સન્માન થયું છે, તેવું કહીને કેળવણીકાર અને જાણીતા સાહિત્યકાર શ્રી મનસુખભાઈ સલ્લાએ જણાવ્યું હતું કે,

ડૉ. રઘુવીરભાઈએ જીવનલક્ષી અને મૂલ્ય લક્ષી લખાણ ગુજરાતી સાહિત્યને આપ્યું છે. સમાજ પ્રત્યે નિષ્ઠા બતાવનારા સાહિત્યકારો આંગણીના વેઠે ગણી શકાય તેટલા છે, તેમાના એક રઘુવીર ચૌધરી છે.

અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ શ્રી હરિભાઈ ચૌધરીએ ડૉ. રઘુવીર ચૌધરીએ સાહિત્ય સાથે સાથે સમાજ અને બાપુપુરા ગામમાં શિક્ષણની પ્રવૃત્તિ વધે તેમજ લોકો શિક્ષણ પ્રત્યે જાગૃતિ આવે અને લોકોને ગુજરાતી ભાષાનું સાહિત્ય વાંચતા કરવાનો અનેક કાર્યો કર્યા હોવાનું જણાવ્યું હતું.

ગાંધીનગર એજ્યુકેશન ફાઉન્ડેશન, ગાંધીનગરના અધ્યક્ષ શ્રી મણિભાઈ ચૌધરીએ ડૉ. રઘુવીર ચૌધરીનો જીવન પરિચય કરાવ્યો હતો.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લાના વિવિધ સમાજના અગ્રણીઓ અને સાહિત્યકારો દ્વારા ડૉ. રઘુવીર ચૌધરીને સુતરીની આંટી પેહરાવીને સન્માન કરવામાં આવ્યું હતું. તેની સાથે સાથે ગાંધીનગર જિલ્લાવાસીઓ તરફથી કલેકટર શ્રી સતીશભાઈ પટેલે અને ગુજરાત સાહિત્ય પરિષદના અધ્યક્ષશ્રી ભાગ્યેશ જહાએ પણ ડૉ. રઘુવીર ચૌધરીનું સન્માન કર્યું હતું.

કાર્યક્રમનું સફળ સંચાલન હિરેન ભટ્ટે કર્યું હતું. જ્યારે આભારવિધી ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિએ કરી હતી.

આ પ્રસંગે એમ.પી.ચૌધરી ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી કિરીટ અધ્વર્યુ, અખિલ આંજણા સેવા મંડળ, માણસાના પ્રમુખ બેચરભાઈ ચૌધરી સહિત મોટી સંખ્યામાં સાહિત્યકારો, અગ્રણીઓ, ગાંધીનગરના નગરજનો, બાપુપુરા ગામના ગ્રામજનો અને ચૌધરી સમાજના ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યાં હતા.

## ચોમાસુ વિદાય લેશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે આ વખતે વરસાદ જુલાઈ અને ઓગષ્ટ દરમ્યાન વધુ જોવા મળ્યો છે. જો કે જુનમાં તે બહુ ઓછો હતો. વરસાદની પેટર્નમાં પણ આ વકતે બદલાવ જોવા મળ્યો છે. શ્રાવણના સરવરિયા જોવા મળ્યા નથી પણ સારો વરસાદ જોવા મળ્યો હતો.

વરસાદની પેટર્નમાં બદલાવ જે જોવા મળ્યો તેમાં ખંડીય વૃષ્ટિ થતી હોય તેવુ વધુ જોવા મળ્યું છે. એક સેક્ટર અથવા ગામમાં વરસાદ હોય પણ બીજે ક્યાંય ના હોય. આ ઉપરાંત આ વખતે ધોધમાર વરસાદને બદલે ઝાપટાં વધુ જોવા મળ્યા હતા.

જિલ્લામાં આ સિઝનમાં સૌથી ઓછો વરસાદ ગાંધીનગર તાલુકામાં નોંધાયો છે. જ્યાં સિઝનનો ૬૬.૬૩ ટકા જેટલો વરસાદ નોંધાયો છે. જ્યારે સૌથી વધુ વરસાદ માણસામાં ૮૩.૮૩ ટકા નોંધાયો છે. દહેગામમાં ૭૮.૬૪ અને કલોલમાં ૭૮.૨૩ ટકા વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં વરસાદની બદલાયેલી પેટર્ન સાથે ખરીફના વાવેતરની પેટર્નમાં પણ બદલાવ જોવા મળ્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં સવા લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે. કપાસ જે પરંપરાગત પાક હતો તેમાં ઘટાડો થયો છે. જ્યારે મગફળીના વાવેતરમાં તેમજ કઠોળ પાકોના વાવેતરમાં સારી એવી વૃદ્ધિ જોવા મળી છે.

જિલ્લામાં આ સિઝનનો વરસાદ ઓછો થતાં ગ્રામ્ય વિસ્તારના જળસંગ્રહ સ્થાનોમાં વરસાદી પાણીની આવક ઓછી થઈ છે. જો કે રાજસ્થાનમાં થયેલા સારા વરસાદને પગલે સાબરમતી નદીમાં ધરોઈમાંથી પાણી છોડાતાં ભૂગર્ભ જળને સારો ફાયદો થયો છે. આ ઉપરાંત સંત સરોવર છલોછલ ભરી દેવાતાં ભૂગર્ભ જળસપાટી વધશે તેમ મનાઈ રહ્યું છે.

## આંગણવાડી કેન્દ્રો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે આ ૯૨ કેન્દ્રો ઘનિષ્ટ અભિયાન અંતર્ગત ૩૦ દિવસ માટે કાર્યરત રહેશે. જેમાં બાળકોને સવારે ૯ થી સાંજના ૫ સુધી રાખવામાં આવશે અને તે બાળકોને ૪ વખત સમયાંતરે પોષણક્ષમ આહાર જમવા માટે આપવામાં આવશે.

આ બાળકોના વજન, ઊંચાઈમાં પણ શુ ફેરફાર જણાયો તેની બધી જ નોંધ રોજેરોજ આરોગ્યની ટીમ દ્વારા બાળકોના આરોગ્યની ચકાસણી સાથે નોંધવામાં આવશે. ૨૦ બાળકો માટે રૂ. ૨૭ હજાર સુધીનો ખર્ચ એક કેન્દ્રમાં સરકાર દ્વારા કરવામાં આવશે તેમ પણ સરકારના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા પંચાયત દ્વારા કુપોષણ મુક્તિ માટે એક પાયલોટ પ્રોજેક્ટ જે હાથ ધરવાનો હતો તે હાલ પુરતો સ્થગિત કરવામાં આવ્યો છે.

૧૨૦૦ જેટલા બાળકો જે આંગણવાડી કેન્દ્રોમાં અભ્યાસ કરી રહ્યા છે તે કુપોષણથી પિડાઈ રહ્યાનું મહિલા-બાળ વિકાસ વિભાગના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. સૌથી વધુ કુપોષિત બાળકો કલોલ તાલુકામાં નોંધાયા છે તે પણ ઉલ્લેખનીય છે.

જિલ્લામાં કુપોષિત બાળકો અંગે આરોગ્ય વિભાગે પણ એક અલગથી સર્વે કર્યો છે. તેમાં બાળકોની સંખ્યા પણ આટલી જ લગભગ થવા પામી છે.

## સેના તૈનાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘાયલ થઈ ચુક્યા છે. સુત્રોએ કહ્યુ છે કે વહીવટીતંત્ર હિંસક વિરોધ પ્રદર્શન કરી રહેલા લોકો પર હવે અંકુશ મુકવાની ઈચ્છા ધરાવે છે. આ હેતુથી જ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે જે વાતચીત થઈ છે તેના પરિણામે હવે બે વર્ષના ગાળા બાદ ચાર જિલ્લામાં ફરી સેના તૈનાત કરવામાં આવી છે. નામ જાહેર ન કરવાની શરતે કેટલાક લોકોએ કહ્યુ છે કે અલગતાવાદીઓ અને છેલ્લા આઠ સપ્તાહમાં થયેલી હિંસાને ફરી ગોઠવી દેવામાં આવી છે. અલગતાવાદીઓ સતત હિંસા ફેલાવી રહ્યા છે.

## પાછો ખેંચાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

શાહે આ મામલાથી નફા નુકસાનના સંદર્ભમાં સુરેશ પ્રભુ સાથે વાતચીત કરી છે. પ્રભુએ દાવો કર્યો છે કે આ નિર્ણયથી રેલ્વેને ૫૦૦ કરોડ રૂપિયાનો લાભ થશે પરંતુ શાહે સાફ શબ્દોમાં કહ્યું છે કે ૫૦૦ કરોડ રૂપિયા માટે ભાજપ મિડલ ક્લાસની નારાજગીના જોખમને સ્વીકાર કરી શકે નહીં. ઉત્તરપ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ, મણીપુર અને ગોવામાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે આ ફ્લેક્સી ભાડા ભાજપને ભારે પડી શકે છે. સૂત્રોના કહેવા મુજબ ફ્લેક્સી ભાડા હાલમાં થોડાક દિવસ જારી રહી શકે છે પરંતુ આ નિર્ણયને પરત લેવાની ફરજ પડી શકે છે. ભાજપ રેલ્વે પ્રધાન સુરેશ પ્રભુને આ નિર્ણયને પરત લેવા આદેશ આપી ચુકી છે પરંતુ તેની જાહેરાત હાલમાં કરવામાં આવી નથી કારણ કે સરકાર એવો મેસેજ આપવા માંગતી નથી કે વિપક્ષના વિરોધ સમક્ષ ઝુકીને નિર્ણય લેવામાં આવી રહ્યો છે.

## મોરપીંછના રંગ

● ૪ પાનાનું ચાલુ...

પરિસ્થિતિમાં બધાને પ્રેમ કરી શકે એવા માણસો ગમે છે. આ સંદર્ભે હું મારી જાતને ભાગ્યશાળી માનું છું કે નિયત્તિએ મારી પસંદગી કરી છે. મને ખબર નથી પણ એને તો ખબર જ છે ને? જ્યારે કોઈનું પતન કે ઉત્થાન થવાનું હોય છે ત્યારે નિયત્તિ એને એની ચરમસીમાએ લઈ જાય છે. નિયત્તિ મને ઉત્થાન તરફ લઈ જઈ રહી છે કે પતન તરફ? એ તો આવનારો સમય જ બોલશે. જો કે સમયાંતરે એ મારા જીવનની પરિસ્થિતિઓ બદલતી રહી છે.

હે મારી પ્રિય નિયત્તિ, હું તને ભાવપૂર્ણ વંદન કરું છું. તારા લીધે જ મને અદૃશ્ય શક્તિનો સતત સાથ મળ્યો છે. તારા લીધે જ હું આટલો સક્ષમ બન્યો છું. તારા લીધે જ હું નદીની માફક સતત વહેતો રહ્યો છું. ઝઝૂમતો રહ્યો છું. મને તારામાં વિશ્વાસ છે કે તે મારી માટે પણ એક દરિયો બનાવ્યો હશે જ. અને એટલે જ તું મારી રાહમાં ક્યારેક મોટા મોટા પર્વતો ખડકી દે છે. તે જ મને અસહ્ય દુઃખમાં હસતા શીખવ્યું છે. આપણું બૂરું કરનારને ક્ષમા આપી સૌને પ્રેમ કરવાનું તે જ મને શીખવ્યું છે. મેં તારું વિકરાળ સ્વરૂપ પણ જોયું છે અને મૃદુતાથી પણ તું મારી સાથે વર્તી છે. ક્યારેક તેં મને ૪૦૦ વોલ્ટના ઝટકાઓ પણ આપ્યા છે અને એ ઝટકાઓ હું ખમી શકું એવી શક્તિ પણ આપી છે. તે ભલે સતત રંગો બદલ્યા હોય પણ મને તો એક જ રંગે રગ્યો છે. હું ધર્મરાજ તો નથી પણ મને સત્યના રસ્તે ચલાવ્યો છે. મારું ઘણું બધું તે છીનવી લીધું છે. મને ઘણી બધી સંવેદનાઓથી, લાગણીઓથી તે વંચિત રાખ્યો છે. એનું પાપ તું કોના માથે નાખીશ? પણ હું ઈશ્વરને પ્રાર્થીશ કે એ સૌને માફ કરે, એમાં કોઈનો ય શું વાંક, તું પણ તને સોંપાયેલું કામ જ કરે છે ને? નવા વળાંક માટે હું તૈયાર છું. મારી સાથે તું શું કરીશ એ મને ખબર નથી. પણ તારા આકરામાં આકરા ઘાવ ઝીલવાની શક્તિ મારામાં છે.

- 9426060601.india@gmail.com